# બાયડમાં ઝેરી કેમીકલ ઠાલવવાના પ્રોજેક્ટનો વિરોધ

મોડાસા, તા. ૫

અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકા તથા મહીસાગર જિલ્લાની સરહદે સીમલીયા વિસ્તારમાં ઝેરી કેમિકલ કચરો ઠાલવવાનો પ્રોજેક્ટ સ્થાપવામાં આવનાર હોઈ બાયડ તથા મહીસાગર જિલ્લાના ૪૫થી વધુ ગામોની જનતામાં પ્રચંડ જનાક્રોશ ફાટી નીકળ્યો છે. આ મામલે ૮ અને ૯ જાન્યુઆરીએ રણજીતપુરા ગામે આ વિસ્તારના લોકો એકઠા થઈ પ્રોજેક્ટનો ઉગ્ર વિરોધ નોંધાવનારા છે.

અરવલ્લીના બાયડ વિસ્તારમાં સરકાર દ્વારા ઝેરી કેમિકલ કચરો ઠાલવવાનો પ્રોજેક્ટ સ્થાપવાની શરૂઆત કરવામાં આવનાર છે. જેથી લોકો વિરોધ કરી રહ્યા છે. આ પ્રોજેક્ટ સ્થપાતા કુદરતી સંસાધનો ઉપરાંત માનવજાતને પણ નુકસાન થઈ શકે તેમ હોઈ લોકોએ હિજરત કરવાની નોબત આવશે. તેવી ભીતિ વ્યક્ત કરાઈ રહી છે. સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ, બાયડ તાલુકાની ગાબટ તથા મહીસાગર જિલ્લાની સરહદોમાં કુદરતી રીતે હરિયાળી રહે છે. આ ગામોમાં વસતા હજારો લોકો પશુપાલન તથા ખેતી સાથે જોડાયેલા છે. આ વિસ્તારમાં ઘી ગ્રીન એન્વાયર્મેન્ટ સર્વિસીસ કો ઓપરેટીવ સોસાયટી અને ગુજરાત સરકારના ઉપક્રમે ૧૦૦ વીઘા જમીન સંપાદન કરી આ સ્થળે ઝેરી તથા જોખમી કેમિકલ કચરો ઠાલવવાનો પ્રોજેક્ટ મંજુર કરાયો છે. જેની જાણ થતા આ વિસ્તારના ગામોમાં જનાક્રોશ ફાટી નીકળ્યો છે. ગ્રામજનોના મતે, આ પ્રોજેક્ટ કુદરતી સોંદર્યની સાથે માનવ તથા પશુઓ માટે અત્યંત જોખમી સાબિત થશે. અનેક લોકોને ઘરબાર છોડી સ્થળાંતર કરવાનો વારો આવશે.

બાયડ તાલુકા તથા મહીસાગર જિલ્લાના ગામોના લોકોએ આ પ્રોજેક્ટને એનઓસી આપવાની કાર્યવાહી સામે વિરોધ કરી રાજ્યપાલ, મુખ્યમંત્રી, આરોગ્યમંત્રી સહીત વિવિધ જગ્યાએ લેખિતમાં રજૂઆત કરી છે જ્યારે ૮ અને ૯ તારીખે રણજીતપુરા ગામે બે જિલ્લાના લોકો ઉપસ્થિત રહી વિરોધ નોંધાવશે. અને આ વિસ્તારમાં જો આ પ્રજેક્ટ નાખવામાં આવશે તો આ વિસ્તારના ૪૫ જેટલા ગામોના લોકો રસ્તા ઉપર ઉતરી પડશે અને આ પ્રોજેક્ટ બંધ કરવા માટે જે પણ કરવું પડે તે કરશે અને પોતાનો વિરોધ કરશે.



**રોજની ૨૦૦ જેટલી ટેન્કરો આ વિસ્તારમાં ઠલવાશે : હજારો લોકોની જીંદગી સામે જોખમ ઉભું થવાની ભીતિ ૪૫ ગામના ગ્રામજનોનો વિરોધ**



## હિંમતનગર બહુમાળી ભવનના કર્મચારીઓએ અગ્નિશામક સાધનની તાલીમ મેળવી

સાબરકાંઠા, તા. ૩

કલેક્ટર કચેરી બહુમાળી ભવન હિંમતનગરના તમામ ૩૦૦ જેટલા વર્ગ-૩ અને ૪ના તમામ કર્મચારીઓ માટે ફાયર એક્ષટીગ્યુસરની પ્રેક્ટીકલ ટ્રેનીંગનું આયોજન કલેક્ટરશ્રીની સીધી સુચના મુજબ ડીઝાસ્ટર શાખા દ્વારા કરવામાં આવ્યું હતું.

સવારે ૧૧ થી ૧ દરમિયાન આ તાલીમ હિંમતનગર અને ઈડર ફાયરબ્રિગેડ દ્વારા આપવામાં આવી રજાનો દિવસ હોવાથી આજે વાહનોની અને અરજદારોની આવનજાવન ન હતી તે માટે રવિવારનો દિવસ રાખવામાં આવ્યો હતો.

દક્ષિણ ગુજરાતના એક જિલ્લામાં આગ લાગવાથી અધિક કલેક્ટરશ્રીની શાખા સંપૂર્ણ બળી ગઈ હતી અને ઉપલબ્ધ ફાયર ઉપકરણો કામમાં આવ્યા ન હતા તેનું એક કારણ એ હતુ કે આવા સાધનોના ઉપયોગ અંગે કર્મચારીઓ અજાણ હતા તે બનાવને ધ્યાને લઈ કલેક્ટરશ્રી સાબરકાંઠા દ્વારા બહુમાળીભવનના તમામ કર્મચારીઓ માટે આ તાલીમનું આયોજન કર્યું હતું. આ તાલીમમાં કલેક્ટર, અધિક કલેક્ટર જાતે હાજર રહી અને અધિકારીઓ પણ જાતે આવા સાધનનો ઉપયોગ કરી પ્રેક્ટીકલ કામગીરી કરી બતાવી હતી. ફાયરબ્રિગેડના પ્રતાપસિંહ દેવડા દ્વારા ફાયર એક્ષટીગ્યુસરના ઉપયોગ અને રેસ્ક્યુ કામગીરીનું પણ નિદર્શન અને પ્રાયોગિક કાર્ય દર્શાવ્યું હતું.

આ કાર્યક્રમનું સફળ આયોજન ડીઝાસ્ટર શાખાના મામલતદારશ્રી કાનનબેન શાહ, ડીપીઓ-ડીઝાસ્ટર કે.બી. પટેલ, નાયબ મામલતદાર ડાભી અને ડી.એ. પરમારના કુશળ સંકલનથી સફળ રહ્યું હતું. કાર્યક્રમના અંતે ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફસેફટી મેજર્સ એક્ટ-૨૦૧૩ અંગે સમજુતી આપવામાં આવી હતી.

## ઉમેદપુરા કંપામાં ધુમાડાના ગોટેગોટા ઓકતા ગેરકાયદેસર ડામર પ્લાન્ટથી પ્રજાજનો ત્રાહીમામ

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના ઉમેદપુરા કંપા પંથકમાં કથિત ગેરકાયદેસર શરૂ કરી દેવામાં આવેલા અને ધૂમાડાના ગોટેગોટા ઓકતા ડામર પ્લાન્ટથી પંથકના પ્રજાજનો ત્રાહિમામ પોકારી ગયા છે. આ પ્લાન્ટ થકી પંથકના જનઆરોગ્યને તથા પશુધનને અને ખેતીને પણ અતિભારે નુકશાન થતુ હોવાની ભીતિ પ્રાજજનો સેવી રહ્યા છે. આ પ્લાન્ટ ચાલુ થયા પહેલાથી જ ગામલોકોએ તથા સ્વયંગ્રામ પંચાયતે પણ મામલતદારથી માંડી પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ સહિતનાઓને લેખીત અરજીઓ કરી મચાવેલ કાગારોળનું પરિણામ 'શૂન્ય' આવતાં લાગી રહ્યું છે કે નીતિ નિયમોની ઐસી કી તૈસી કરીને આવા એકમો કેટલીક સાંઠગાંઠ થકી મનમાની કરતા હોવાનો પુરાવો આ પ્લાન્ટ પુરો પાડી રહ્યો છે.

તલોદ તાલુકાના ઉમેદપુરા કંપા ગામની સીમમાં સર્વે નં. ૧૩૭માં આવેલ આ કથિત પરવાનગી વિનાના ડામર પ્લાન્ટનું સ્થળ ગુલાબની મુવાડી ગામના રેવન્યુ રેકર્ડ પર આવેલ છે. અહિં એક ખેત જમીન વેચાણ રાખીને આ એકમ સ્થાપવાની હિલચાલ થઈ ત્યારથી જ 'કંપામાં અજંપા'ની સ્થિતિ પેદા થઈ હતી. ડામર પ્લાન્ટ શરૂ થશે તો, તેમાં બળતણરૂપે લાકડા સાથે ડામર વગેરે વધુ વપરાશ થશે અને ધુમાડાના ગોટેગોટા થકી જાહેર જન આરોગ્યને ભારે હાની પહોંચશે તેવો દહેશતનો માહોલ પેદા થતાં તા. ૧૦-૧૦-૨૦૧૫ના રોજ તલોદ મામલતદારને ઉમેદપુરા કંપા ગામના ૫૦ જેટલા જાગૃતજનોએ અરજી કરી હતી. અને આવા પ્લાન્ટની મંજૂરી ન આપવા વિનંતી કરી હતી. જો કે મામલતદારે આ અંગે કોઈજ પગલાં નહિ લીધા હોવાનું પંચાયત અને ગ્રામજનો આજે પણ કહી રહ્યા છે. ત્યારબાદ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની હિંમતનગર ખાતેની કચેરીને પણ ગ્રામજનોએ અરજી કરી હતી. જે અન્વયે બોર્ડના પ્રાદેશિક અધિકારી બી.જી. સૂત્રેજાએ એકમની સ્થળ તપાસ કરાવીને હવા અધિનિયમ ૧૯૮૧ હેઠળ કારણદર્શક નોટીસ પાઠવીને બોર્ડની પરિમિશન મેળવ્યા વિના પ્લાન્ટ ચાલુ ન કરવા તાકીદ કરી હતી.

તેમ છતાં મનમાની કરીને આ પ્લાન્ટ ચાલુ કરી દેવામાં આવેલ છે. જેથી ત્રાહિમામ બનેલા ગ્રામજનોએ ગાંધીનગર ખાતેની પ્રદૂષણ નિયંત્રણ કચેરીનો રૂબરૂ જઈ તાજેતરમાં જ રજૂઆત કરતાં ત્યાના અધિકારીઓએ સ્થળ તપાસ કરી ડામર પ્લાન્ટ બંધ કરાવી દીધો હતો. જોકે અધિકારીઓના ગયા બાદ ગણતરીના કલાકોમાં જ પ્લાન્ટ પુનઃ ધમધમતો થઈ જતાં આજે ન છૂટકે જવાબદાર તંત્રના કાને પ્રજાનો અવાજ પહોંચાડવા ગ્રામજનોએ મિડીયાનો આશરો લઈને તેના માધ્યમ દ્વારા આંખ આડા કાન કરતા સરકારી બાબુઓ સુધી પ્રજાની આપદા પહોંચાડવા પ્રયાસ કરીને પ્લાન્ટના દરવાજા આગળ સૂત્રોચ્ચાર સહિતના દેખાવો કર્યા હતા. જેમાં મહિલાઓ પણ સામેલ થઈ હતી.





## બાયડના ઝાંઝરી ધોધમાં અત્યાર સુધીમાં ૨૫ વ્યક્તિઓ મોતને ભેટ્યા

મોડાસા, તા. ૩

કહેવાય છે કે સુંદર ચીજ હંમેશા બેવફા હોય છે આ કહેવત સાચી જ હોય તેમ અરવલ્લીના બાયડ પાસે આવેલા ઝાઝરી નામના પ્રખ્યાત સ્થળ ઉપર આવેલા ઝરણામાં અત્યાર સુધીમાં ૨૫ લોકો મોતને




ભેટ્યા છે એટલે પાણીની સુંદરતામાં મોહીત થઈ નાહવા પડતા લોકો મોતને ભેટે છે.

અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકામાં પ્રવાસન ધામ તરીકે ગુજરાતમાં નામના ધરાવતુ સુંદર અને



રમણીય ઝાંઝરીનો ધોધ આવેલો છે. સાથે મંદિર પણ આવેલુ છે એકવાર જોતા જ આંખના પલકારામાં ગમી જાય તેવું આ સ્થળ છે અને મનને અલગ શાંતિનો અહેસાસ થાય તેવી આ જગ્યા છે જેથી અહી અમદાવાદ ગાંધીનગર અને ગુજરાતભરમાંથી પ્રવાસીઓ આવે છે. આ પ્રવાસીઓ ઝાઝરીના ધોધની સુંદરતાથી આકર્ષાઈ તેમાં નાહવા પડે છે અને ડુબી જાય છે. પોલીસના જણાવ્યા પ્રમાણે અત્યાર સુધીમાં આ ધોધમાં તણાઈ જઈને ડુબી જવાથી ૨૫ કરતા પણ વધારે લોકો મોતને ભેટ્યા છે.

બાયડના આ ઝાઝરીના ધોધમાં કેટલાક લોકો નાહવા પડે છે. આ લોકો ધોધની નજીક નાહવા ના પડે તે માટે લોકલ ગાઈડ તથા ઊંટ ઉપર બેસાડીને પ્રવાસીઓને ધોધ સુધી લઈ જતા માણસો પણ પ્રવાસીઓને નાહવા ના પડવા સલાહ સુચન આપે છે તેમ છતાં પ્રવાસીઓ કોઈની વાત નથી માનતા અને કેટલાક કિસ્સામાં ડુબી જવાથી મોત થાય છે. બાયડના આ ધોધમાં ગુજરાતના ખુણે ખૂણેથી પ્રવાસીઓ આવે છે અને સરકાર એ આ જગ્યાને પ્રવાસન ધામ તરીકે વિકસાવવા મહેનત કરી રહી છે અને આ ધોધમાં લોકો ડુબી ન જાય અને નાહવા ના પડે તે માટે ઠેર ઠેર સુચન કરતા બોર્ડ લગાવાય છે તેમ છતાં પ્રવાસીઓ પોતાની મનમાની કરે છે અને નાહવા પડે છે અને ડુબી જાય છે. આ તમામ ઘટનાઓ રોકવા માટે અને પ્રવાસીઓ ડુબી ન જાય તે માટે તંત્ર દ્વારા જરૂરી પગલા ભરવામાં આવનાર છે.

સરકાર દ્વારા આ ઝાઝરીને પ્રવાસન ધામ તરીકે જાહેર કરાયું છે તે આ વિસ્તાર માટે સારી બાબત છે પરંતુ લોકોની અણસમજ અને મનમાનીના કારણે આ ધોધમાં લોકો મોતને ભેટે છે. જેથી લોકોએ જાતે જ સરકાર દ્વારા લગાવેલ બોર્ડ અને સુચનાઓનું પાલન કરવું જોઈએ જેનાથી કેટલીક જીંદગીઓ બચી શકે છે.

## પાલનપુર ગાયત્રી મંદિર ખાતે સ્વાવલંબન પ્રશિક્ષણ શિબિર યોજાઈ

પાલનપુર, તા. ૩

સશક્ત અને સમર્થ યુવા શક્તિ જ રાષ્ટ્રને નવસર્જન તરફ પ્રેરીત કરે છે. આચાર્યશ્રી શર્માજીના આ કથનને તથા યુવાનોમાં



સ્વાવલંબનની ભાવનામાં વધારો થાય તથા યુવાનો આર્થિક રીતે સધ્ધર થાય એ માટે હરિદ્વાર સ્થિત દેવસંસ્કૃતિ વિશ્વ વિદ્યાલયના ગ્રામ પ્રબંધનના સહયોગથી ગાયત્રી શક્તિપીઠ, હાઈવેરોડ પાલનપુરમાં બે દિવસીયનો સ્વાવલંબન પ્રશિક્ષણ શિબિરનો પ્રારંભ થયો હતો.

આ શિબિરમાં પાલનપુર તાલુકાના નજીકના ૫ ગામોના યુવાનોએ ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત શાંતિકુંજ હરિદ્વારના પ્રતિનિધી શ્રી કિર્તન દેસાઈ તથા શ્રી રીતેશ જાનીએ દિપ પ્રજવલીત કરેલ હતુ. આ પ્રસંગે ગાયત્રી શક્તિપીઠ, પાલનપુરના વડા ગીરીશભાઈ પટેલે યુવાનોને શિબિરના ઉદેશ પર પ્રકાશ આપ્યો. ઉલ્લેખનીય છે કે આ પ્રકારની આ પહેલી શિબિર ગુજરાત રાજ્યમાં થવા જઈ રહી છે. જે ગીરીશભાઈ પટેલે જણાવ્યું કે વિશ્વ વિદ્યાલયના પ્રતિકુલપતિ ડૉ. ચિન્મય પંડ્યાજીએ જિલ્લાના યુવાનોમાં સેવા, સ્વાવલંબન પોઝેટીવ થોટ આવે એ ભાવથી પ્રાકૃતિક આહાર કેન્દ્રના ઉદ્‌ઘાટન પ્રસંગે પોતાનો સંકલ્પ દોહરાવ્યો હતો.

આ પ્રસંગે ગ્રામ પ્રબંધન વિભાગના રીતેશ જાનીએ જણાવ્યું કે આ શિબિર દ્વારા કુલ ૪૯ યુવાનોને વધુ રોજીંદા આવશ્યકતાની વસ્તુનું નિર્માણ શિખવાડવામાં આવશે સાથે જ ખાદ્ય જેવા કે અથાણા, ચટની, કેન્ડી, સ્વરસ કેવી રીતે બનાવી શકાય તેની ટ્રેનીંગ આપવામાં આવશે. આનાથી યુવા આર્થીક સ્વાવલંબી તો બનશે જ સાથેસાથ પુરુષાર્થ પર વિશ્વાસ વધશે. તો બીજી તરફ શાંતિકુંજ હરિદ્વારના પ્રતિનિધીએ કહ્યું કે પ્રકૃતિનો નિયમ છે કે, રાજા હોય કે રંક, વૈદ્ય હોયકે પ્રજા દરેક માટે એક સરખી રીતે એ વર્તે છે. પ્રકૃતિના નિયમ પ્રમાણે ન ચાલે તો એ નહી ચાલે આ માટે પ્રકૃતિએ આપેલા વરદાનને જન સામાન્ય સુધી પહોંચાડવાનો આ અનુપમ કાર્યક્રમ છે. વર્ષના પ્રારંભથી જ પાલનપુર શહેરને સ્વ નિર્મિત વિભિન્ન અથાણા, સ્વરસ, કેન્ડીથી લઈ જીવન જરૂરીયાતની અનેક સામગ્રીઓ પડતર કિંમતે ગાયત્રી પરિવારના યુવા પ્રકોષ્ઠ દ્વારા પહોંચાડવાનું લક્ષ્ય છે. હાલમાં પ્રાકૃતિક આહાર કેન્દ્રમાં વિવિધ રસો ઉપલબ્ધ છે. આ રસમાં કોઈપણ પ્રકારનું કેમીકલ ઉમેરવામાં આવતુ નથી.તે જ પ્રકારે ગૌ આધારીત ઉત્પાદનો ઘર ઉપયોગી ફીનાઈલ, સાબુ, ડીટરજન્ટ, હેન્ડ વોશ, ધુપબત્તી વગેરે એની પડતર કિંમતે પાલનપુરના યુવાનો દ્વારા પહોંચાડવાનું લક્ષ્ય છે.

શિબિરમાં માલણ, લુણવા, ધાનેરા, લક્ષ્મીપુરા ગામોમાંથી યુવાનોએ ભાગ લીધેલ હતો. તા. ૩-૧-૨૦૧૬ના રવિવારે સાંજે ગાયત્રી શક્તિપીઠ ખાતે આ શિબિરમાં ઉત્પાદિત થયેલ વસ્તુઓનું વિતરણ તથા વેચાણ કરવામાં આવ્યું હતું.

## પાલનપુરની રાજમણી પ્રાથમિક શાળામાં ખાદ્ય દિવસની ઉજવણી

પાલનપુરની જાણીતી શૈક્ષણિક સંસ્થા વિવિધલક્ષી વિદ્યામંદિરની રાજમણી પ્રાથમિક શાળા પર્ણકુટીર કેમ્પસ માનસરોવર રોડ ખાતે કિસાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ધરતીપુત્રો જે રીતે ખેતી કરી જુદા જુદા અનાજ શાકભાજી કઠોળ વાવી આપણા ખોરાક માટે મહેનત કરે છે. તેમને સાચા અર્થમાં યાદ રાખી તેમના પ્રત્યે અહો ભાવ જગાવવા ધો. ૩ થી ધો. ૫ સુધીના વિદ્યાર્થીઓને ખબર પડે કે આપણે જે ખોરાક લઈએ છીએ તે કઈ રીતે તૈયાર થાય છે.

## પાલનપુરમાં ભુદેવ બંધુના સન્માન સાથે સંતોના આશીર્વાદ

પાલનપુર, તા. ૩

પાલનપુર આબુ હાઈવે પર ગાયત્રી મંદિર પાસે સમગ્ર બ્રાહ્મણ સંગઠનોએ એક મંચ પર એકત્ર થઈ તાજેતરમાં યોજાયેલી નગરપાલિકા પાલનપુર, ડીસાની ચૂંટણીમાં વિજેતા બનેલા ભુદેવ બ્રહ્મ બંધુ-ભગિનિઓનું સન્માન અને સંતોના આશિર્વાદ આર્શિવચનનો કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે પાંથાવાડા નજીક આવેલ રવિધામના મહંત પ.પુ. સત્યાનંદજી બાપુ અને માણીભદ્ર વિર મગરવાડાના મહારાજ પ.પુ. વિજય સોમજીએ નવ નિર્વાચીત બ્રાહ્મણ પુરૂષ મહિલાઓને આર્શિવાદ



આર્શિવચન આપી સમાજ સાથે તમામ સમાજોનું કલ્યાણ કરવા જણાવેલ.

બનાસકાંઠા જિલ્લા પંચાયત પ્રમુખ દિનેશભાઈ દવેનું પણ વિશિષ્ટ સન્માન કરાયું હતું. ડીસાના શશિકાંતભાઈ પંડ્યા બોર્ડ ડિરેક્ટરનું બહુમાન કરાયું હતું. રવિધામના મહારાજનું સન્માન કરતા સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ડાયરેક્ટર ગણપતભાઈ જોષી અને પાલનપુર નગરપાલિકાના નવ નિયુક્ત પ્રમુખ નિલમબેન એસ. જાનીનું સન્માન શકુંતલાબેન રાવલ કરી રહ્યા છે. સમસ્ત બ્રહ્મસમાજ રાજ્યકક્ષા પ્રમુખ શૈલેષભાઈ જોષીએ ઉદ્‌બોધન કરેલ. પરશુરામ પરિવાર, બ્રહ્મસેના, સમસ્ત બ્રહ્મસમાજે સુંદર આયોજન કરેલ.